# હિંમતનગર ખાતેની મજુર અદાલતના પ્રમુખ અધિકારી શ્રી ડી.જે. ચૌહાણ સમક્ષ, મુ.હિંમતનગર

**રેફરન્સ (એલ.સી.એચ.) નં.૧૬૯/૨૦૧૫**

**આંક :૯**

**પ્રથમ પક્ષકાર: ચેરમેન/ મેનેજરશ્રી,**
ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લિ,
સંઘ રોડ, હિંમતનગર
જી. સાબરકાંઠા

**વિરૂધ્ધ**

**બીજા પક્ષકાર : પટેલ પિયુષકુમાર રમેશલાલ**
મું.પો. આરસોડા તા. પ્રાંતિજ
જી. સાબરકાંઠા

**હાજર રહયા :** **પ્રથમ પક્ષકાર તરફે :** વિ.વ.શ્રી પી.એફ. ઝવેરી
**બીજા પક્ષકાર તરફે :** વિ.પ્ર.શ્રી કે.બી. રાવલ

## – : : એવોર્ડ : : –

(૧) સદરરેફરન્સ મદદનીશ શ્રમઆયુકતની કચેરી હિંમતનગરના હુકમ ક્રમાંક નં.કે.એચ./ એસ.એમ.સી/એ.જે./આઈડીઆર/૧૦૨/૨૦૧૪ તા.૨૯/૦૫/૨૦૧૫ થી આ કામના બીજા પક્ષકારને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ? તે મુદાના ન્યાય નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

(૨) રેફરન્સ કોર્ટ માં આવ્યા બાદ બીજા પક્ષકારે આંક–પ થી માંગણા નિવેદન રજુ કરી જણાવેલ છે કે તેઓ તા.૦૫/૦૧/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદાર તરીકે છેલ્લે માસિક રૂા.૫,૨૭૦/– ના વેતનથી પટાવાળાના હોદ્દા ઉપર કામગીરી કરતા હતા તેઓ રોજના ૮–૦૦ કલાક થી વધારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા અને તેમના કામથી પ્રથમ પક્ષકાર ખુશ હતા. તેઓ નોકરીમાં જોડાયા ત્યારથી છુટા કર્યા ત્યાં સુધીનો  તેમનો રેકર્ડ ચોખ્ખો, કલીન અને ડાઘ રહિતનો છે. તેમને મહિનામાં આવતી અઠવાડિક રજા, જાહેર તહેવારની રજા કે અન્ય કોઈપણ જાતની રજાના લાભ આપ્યા સિવાય પુરેપુરા દિવસ સળંગ અને સતત  કામગીરી કરાવવામાં આવતી હતી. તેમને ઓવર ટાઈમનો પગાર પણ ચુકવી આપવામાં આવતો ન હતો. તેમની દરેક વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી થયેલી છે. તેઓની સળંગ નોકરી થયેલી હોવાથી કાયદેસર મળવાપાત્ર હોદ્દો  અને વેતન મેળવવા હકકદાર બનતા હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનું જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજબુરીનો લાભ ઉઠાવી કોરા પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા.૫,૨૭૦/– વેતન આપતા હતા અને પ્રથમ પક્ષકારે તેમને નોટિસ કે નોટિસ પગાર તેમજ બેકારી વળતર આપ્યા સિવાય તેમજ બચાવની કોઈ તક આપ્યા સિવાય તા.૧૭/૧૧/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરી નોકરીમાંથી કાઢી મુકેલા છે. છુટા કર્યા પછી વારંવાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ માટે જતા હોવા છતાં અને પુન:સ્થાપિત માટે લેખિતમાં જાણ કરેલ હોવા છતાં તેઓને હમણાં માણસોની જરૂર નથી જરૂર પડે તમારી મુળ જગ્યાએ પરત લઈ પુન:સ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપતા હતા. જેથી નાછુટકે તા. ૧ ૦/૧૨/૨૦૧૪ ના રોજ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરિયાદ દાખલ કરેલી જેમાં પ્રથમ પક્ષકાર તરફે કોઈ સહકાર ન મળતાં સદર કેસ આ કોર્ટમાં આવેલો છે. તેઓને આઈ.ડી. એકટની કલમ–૨૫(બી) ની જોગવાઈઓ અનુસાર  સળંગ નોકરી થયેલ હોવા છતાં તેમની હાજરીનો ખોટો રેકર્ડ પ્રથમ પક્ષકારે બનાવીને નોકરીનો બ્રેક ગણી આઈ.ડી. એકટની કલમ–૨૫(જી) નો પણ ભંગ કરેલો છે અને કલમ–૨૫(એફ)

ની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોઈ તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

(૩) આ કામે પ્રથમ પક્ષકારે આંક-૭ થી લેખિત જવાબ રજુ કરી બીજા પક્ષકારના માંગણાના નિવેદનની વિગતોની સત્યતાને નકારી જણાવેલ છે કે, બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ દર્શાવેલ છે તે તારીખે પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેઓને છુટા કરેલા નથી. પ્રથમ પક્ષકાર સંઘ તે કો. ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે. અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલ છે. જેને કાયદાકીય સ્વરૂપ પ્રાપ્ત થયેલ છે. અને આ કામના બીજા પક્ષકારની ભરતી સદર નિયમો વિરુઘ્ધ અને સંસ્થાના સેટઅપ બહારની થયેલ હોઈ બીજા પક્ષકારની નિમણુંક શરુઆતથી વિવિધ અદાલતો ઘ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ ઘ્યાને લેતાં સેટઅપ બહારની હોઈ તે શરુઆતથી એબઈનીશીયો વોઈડ હોઈ બીજા પક્ષકારનો વિવાદ રદ થવા પાત્ર છે.

પ્રથમ પક્ષકારે વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને તેઓએ કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલ છે અને છટણી સમયે તેઓને છટણીનો હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો ચેક પણ મોકલી આપેલ છે. જેથી બીજા પક્ષકારનો આ વિવાદ પ્રીમેચ્યોર હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારના સદર માંગણાના નિવેદનના પેરા-૧ થી ૩ માં જણાવેલ વિગતો સાચી અને ખરી ન હોઈ તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા-૩ માં જણાવેલ વિગતો સાચી નથી અને તેઓને તે સ્વીકાર્ય નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાની ખરી હકીકત એવી છે કે, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, હિંમતનગરે સહકારી ધોરણે કો.ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલ એકમ છે અને તેના મુખ્ય ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોનો

તથા યુનિયનને યોગ્ય લાગે તો બીન સભાસદોનો ખેતીનો તેમજ ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને સર્વને જોઈતો ખેતીનો તથા ઘર વપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી  બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ વેચતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવું. અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લાયક ઓજારો પુરા પાડવા. તે જ રીતે પાક રક્ષક દવાઓ પુરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારુ  જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે  સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને વેચી આપવાની વ્યવસ્થા કરવી.રાજય સરકારની સહકારી મંડળીઓ દ્વારા ખેતી વિષયક  પેદાશની  સીધી ખરીદી યોજના વખતો વખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના  પાકની સીધી ખરીદીનું કામ કરવું.

પ્રથમ પક્ષકારે વધુમાં જણાવેલ છે કે સંઘના ઉપરોકત ઉદ્દેશો પાર પાડવા સારું સંસ્થામાં કર્મચારીઓની ભરતી કરવામાં આવે છે અને કર્મચારીઓની ભરતી બાબતે સંઘના નીતિ નિયમો  મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિમણુંક પામેલ કર્મચારીઓને રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવે છે. સંઘમાં નિમણુંક પામેલ કર્મચારીઓના નોકરીના નિયમો  બાબતે  સંસ્થાએ સ્ટાફ સર્વિસ રૂલ્સ બનાવેલા છે.જે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડે છે. સંસ્થામાં કર્મચારીઓના સેટઅપ નકકી થયેલા છે. અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા.૧૯/૧૦/૨૦૦૬ ની સ્ટાફ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૪ માં સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવા બાબત  ઠરાવ કરવામાં આવેલ અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજો બજાવે છે.સંસ્થાનું કામકાજ સરકારશ્રીના  આદેશો અનુસાર      ચાલે છે

અને સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા.૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક:વહટ/૦૧/ક.સ.કા./૯૨/૦૬ થી મહે.રજીસ્ટ્રારશ્રી, ગાંધીનગરના આવેલ પ્રસ્તાવના–આદેશ મુજબ સંઘનું નવીન સેટ–અપ નકકી કરવા અને તે અંગે કેડરવાઈઝ લાયકાતના ધોરણે નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ધ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા.૩૧/૩/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીના મીટીંગના ઠરાવ નં. ૮ થી મંજુર કરવામાં આવેલ. અને તે મુજબ સંસ્થાના કર્મચારીઓનું સ્ટાફ સેટ–અપ નકકી થયેલ છે. તેમાં સુધારો વધારો કરવાનો કોઈ સત્તા સંસ્થાને નથી. આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટ–અપ રાખવામાં આવેલ હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે અને આવી કરવામાં આવેલી નિમણુંકો તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. નામદાર એપેક્ષ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલા ચુકાદા અને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ સંસ્થાના નકકી કરવામાં આવેલા સ્ટાફ સેટ–અપ કરતાં જો વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો રદ થવાને પાત્ર છે. સને. ૨૦૧૦ થી સંઘના ચેરમેનશ્રી અને મેનેજરશ્રી ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલ છે. સદર નિમણુંકો તદ્દન ગેરકાયદેસરની અને સંસ્થાના નિયમો વિરુધ્ધ યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા સિવાય કરવામાં આવેલ છે. જે પ્રથમ થી જ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલ છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહયા છે.

સંઘમાં સને.૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/હંગામી નિમણુંક પામેલા કર્મચારી ઓનું પગાર ચુકવણું કરતાં માસિક રૂા.૫,૮૪,૦૦૦/–અને વાર્ષિક રૂા. ૭૦,૦૦,૦૦૦/–જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટ–અપની કુલ ૧ ૨૭ જગ્યાઓ મંજુર થયેલ છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમો

અનુસારના કર્મચારીઓનો પણ આ ૧૫ર કર્મચારીઓમાં સમાવેશ થાય છે. અરજદારનો સ્ટાફ સેટ–અપ કે જે સરકારશ્રી ઘ્વારા મંજુર કરવામાં આવેલ છે તે સેટ–અપ કરતાં વધારે હોય પ્રથમ પક્ષકાર ઘ્વારા તેઓની છટણી કરવામાં આવેલ છે. અને આઈ.ડી. એકટની જોગવાઈઓ મુજબ તેઓને નોટિસ તથા છટણી હુકમ જે તે ઓથોરિટીને તથા બીજા પક્ષકારને મોકલી આપવામાં આવેલ છે. આમ ઉપરોકત હકીકત જોતાં બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે તેઓને સંસ્થાએ છુટા કરેલ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તેઓની છટણી કરવામાં આવેલ છે. અને તેઓને તેમના કાયદેસરના હકકો ચુકવી આપવામાં આવેલ હોય જેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

(૪) પ્રથમ પક્ષકાર તરફે જવાબ રજુ થયા બાદ બીજા પક્ષકાર તરફે પુરાવા માટે કોઈ હાજર ન રહેતાં તેમનો પુરાવો રજુ કરવાનો હકક સુઓમોટો બંધ કરવામાં આવેલો છે.

(૫) પ્રથમ પક્ષકાર તરફે આંક–૮ની પુરસીસ થી પોતાના પુરાવા બંધ જાહેર કરેલા છે.

(૬) બીજા પક્ષકાર તરફે દલીલો માટે કોઈ હાજર રહેલ નથી. પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી પી.એફ.ઝવેરીએ મૌખિક દલીલ કરેલ છે.

(૭) દલીલો ઘ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીઘુ. મારા નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા::–</u>**

(૧) શું બીજા પક્ષકાર સાબિત કરે છે કે તેઓને પ્રથમ પક્ષકારે તા. ૭/૧૧/ર૦૧૪ ના રોજ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલા છે ?

(ર) શું બીજા પક્ષકારને તેમની નોકરીની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ?

(૩) આખરી હુકમ

(૮) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) નકારમાં
(૩) આખરી હુકમ મુજબ

(૯) મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

(એ) આ કામે બીજા પક્ષકારની રજુઆત એવી છે કે, તેઓ તા.૦૫/૦૧/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદાર તરીકે છેલ્લે માસિક રૂા.૫,૨૭૦/- ના વેતનથી પટાવાળાના હોદ્દા ઉપર કામગીરી કરતા હતા તેઓ રોજના ૮-૦૦ કલાક થી વધારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા અને તેમના કામથી પ્રથમ પક્ષકાર ખુશ હતા. તેઓ નોકરીમાં જોડાયા ત્યારથી છુટા કર્યા ત્યાં સુધીનો તેમનો રેકર્ડ ચોખ્ખો, કલીન અને ડાઘ રહિતનો છે. તેમને મહિનામાં આવતી અઠવાડિક રજા, જાહેર તહેવારની રજા કે અન્ય કોઈપણ જાતની રજાના લાભ આપ્યા સિવાય પુરેપુરા દિવસ સળંગ અને સતત કામગીરી કરાવવામાં આવતી હતી. તેમને ઓવર ટાઈમનો પગાર પણ ચુકવી આપવામાં આવતો ન હતો. તેમની દરેક વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી થયેલી છે. તેઓની સળંગ નોકરી થયેલી હોવાથી કાયદેસર મળવાપાત્ર હોદ્દો અને વેતન મેળવવા હકકદાર બનતા હોવા છતાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ તેમનું જાણી જોઈને શોષણ કરી ગરીબી અને મજબુરીનો લાભ ઉઠાવી કોરા પગાર બિલો, કોરા કાગળો ઉપર અગાઉથી સહી કરાવી માસિક રૂા.૫,૨૭૦/- વેતન આપતા હતા અને પ્રથમ પક્ષકારે તેમને નોટિસ કે નોટિસ પગાર તેમજ બેકારી વળતર આપ્યા સિવાય તેમજ બચાવની કોઈ તક આપ્યા સિવાય તા.૧૭/૧૧/૨૦૧૪ ના રોજથી મૌખિક હુકમથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરી નોકરીમાંથી કાઢી મુકેલા છે. છુટા કર્યા પછી વારંવાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ

માટે જતા હોવા છતાં અને પુન:સ્થાપિત માટે લેખિતમાં જાણ કરેલ હોવા છતાં તેઓને હમણાં માણસોની જરૂર નથી જરૂર પડે તમારી મુળ જગ્યાએ પરત લઈ પુન:સ્થાપિત કરીશુ તેવુ આશ્વાસન આપતા હતા. જેથી નાછુટકે તા. ૧૦/૧૨/૨૦૧૪ ના રોજ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરિયાદ દાખલ કરેલી જેમાં પ્ર થમ પક્ષકાર તરફે કોઈ સહકાર ન મળતાં સદર કેસ આ કોર્ટમાં આવેલો છે. તેઓને આઈ.ડી. એકટની કલમ–૨૫(બી) ની જોગવાઈઓ અનુસાર સળંગ નોકરી થયેલ હોવા છતાં તેમની હાજરીનો ખોટો રેકર્ડ પ્રથમ પક્ષકારે બનાવીને નોકરીનો બ્રેક ગણી આઈ.ડી. એકટની કલમ–૨૫(જી) નો પણ ભંગ કરેલો છે અને કલમ–૨૫(એફ) ની જોગવાઈઓનું પાલન કર્યા સિવાય છુટા કરેલા હોઈ તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા હુકમ કરવો જોઈએ.

પ્રથમ પક્ષકારનો બચાવ એવો છે કે, બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ દર્શાવેલ છે તે તારીખે પ્ર થમ પક્ષકાર સંસ્થાએ તેઓને છુટા કરેલા નથી. પ્રથમ પક્ષકાર સંઘ તે કો. ઓપ. સોસાયટી એકટ અન્વયે નોંધાયેલી મંડળી છે. અને સંસ્થામાં કામ કરતા કામદારો/ કર્મચારીઓની નોકરીના ભરતીના નિયમો તથા બઢતીના નિયમો બનાવેલ છે. જેને કાયદાકીય સ્વરૂપ પ્રાપ્ત થયેલ છે. અને આ કામના બીજા પક્ષકારની ભરતી સદર નિયમો વિરુધ્ધ અને સંસ્થાના સેટઅપ બહારની થયેલ હોઈ બીજા પક્ષકારની નિમણુંક શરુઆતથી વિવિધ અદાલતો ધ્વારા આપવામાં આવેલ ચુકાદાઓ ધ્યાને લેતાં સેટઅપ બહારની હોઈ તે શરુઆતથી એબઈનીશીયો વોઈડ હોઈ બીજા પક્ષકારનો વિવાદ રદ થવા પાત્ર છે.

પ્રથમ પક્ષકારે વધુમાં જણાવેલ છે કે બીજા પક્ષકારને તેઓએ કાયદેસરની કાર્યવાહી કરી નોકરીમાંથી છટણી કરેલ છે અને છટણી સમયે તેઓને છટણીનો હુકમ તથા કાયદેસરના મળવાપાત્ર રકમનો ચેક પણ મોકલી આપેલ છે.

જેથી બીજા પક્ષકારનો  આ વિવાદ  પ્રીમેચ્યોર  હોઈ રદ થવાને પાત્ર છે. બીજા પક્ષકારના સદર માંગણાના નિવેદનના પેરા–૧ થી ૩ માં જણાવેલ વિગતો  સાચી અને ખરી ન હોઈ તેઓને કબુલ મંજુર નથી. બીજા પક્ષકારના માંગણાના નિવેદનના પેરા–૩ માં જણાવેલ વિગતો  સાચી નથી અને તેઓને તે સ્વીકાર્ય નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાની ખરી હકીકત એવી છે કે, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ, હિંમતનગરે સહકારી ધોરણે કો.ઓપ. સોસાયટી  એકટ અન્વયે નોંધાયેલ એકમ છે  અને તેના મુખ્ય  ઉદ્દેશોમાં બની શકે તેટલા ઉંચા ભાવે અને ઓછામાં ઓછા ખર્ચે વ્યકિત તથા મંડળી સભાસદોનો તથા યુનિયનને યોગ્ય લાગે તો બીન સભાસદોનો ખેતીનો તેમજ ઔદ્યોગિક માલ કમિશનથી વેચવો તેમજ તેમને સર્વને જોઈતો ખેતીનો તથા ઘર વપરાશનો સારો માલ ઈન્ડેન્ટ પધ્ધતિથી અગર સ્ટોરો ખોલીને વ્યાજબી  બજાર ભાવે પુરો પાડવો તથા સભાસદોને માલ વેચતા સુધી માલની જામીનગીરી ઉપર નાણાં ધીરવા તથા સભાસદોને ઉંચી જાતના પાકના વાવેતર માટે ઉત્તેજન આપવું. અને બની શકે તો મંડળી તથા વ્યકિત સભાસદોને દરેક જાતના સારા બી, ખાતર તથા ખેતીને લાયક ઓજારો પુરા પાડવા. તે જ રીતે પાક રક્ષક દવાઓ પુરી પાડવી તેમજ તે પેદા કરવા પોતે અથવા પાક રક્ષક દવાઓનું લાયસન્સ ધરાવતી સહકારી સંસ્થાના સહયોગમાં ચાલુ કારખાનું ઉભુ કરવુ અને તે સારુ  જગ્યાઓ ખરીદવા અને જરૂરી મકાનો બાંધવા, સંઘે  સભાસદોનો કપાસ એકઠો કરવો, પીલવા તથા પીલાવી આપવો અને તેની ગાંસડી બાંધવી અગર બંધાવી આપવી અને વેચી આપવાની વ્યવસ્થા કરવી.રાજય સરકારની સહકારી મંડળીઓ ધ્વારા  ખેતી વિષયક  પેદાશની સીધી ખરીદી યોજના વખતો વખત રાજય સરકાર તેમાં જે સુધારા વધારા કરે તે અનુસાર ખેતીના  પાકની સીધી ખરીદીનું કામ કરવું.

પ્રથમ પક્ષકારે વધુમાં જણાવેલ છે કે સંઘના ઉપરોકત ઉદ્દેશો પાર પાડવા સારું સંસ્થામાં કર્મચારીઓની ભરતી કરવામાં

આવે છે અને કર્મચારીઓની ભરતી બાબતે સંઘના નીતિ નિયમો મુજબ યોગ્ય કાર્યવાહી કરી નિમણુંક પામેલ કર્મચારીઓને રોજમદાર, હંગામી, અજમાયશી અને કાયમી ધોરણે નિમણુંક આપવામાં આવે છે. સંઘમાં નિમણુંક પામેલ કર્મચારીઓના નોકરીના નિયમો બાબતે સંસ્થાએ સ્ટાફ સર્વિસ રૂલ્સ બનાવેલા છે.જે સંસ્થામાં કામ કરતા કર્મચારીઓને લાગુ પડે છે. સંસ્થામાં કર્મચારીઓના સેટઅપ નકકી થયેલા છે. અને તે મુજબ કર્મચારીઓ જે તે હોદ્દા ઉપર ફરજો બજાવે છે. તા.૧૯/૧૦/૨૦૦૬ ની સ્ટાફ કમીટીની મીટીંગના ઠરાવ નં. ૪ માં સંઘનું સ્ટાફ શીડયુલ મંજુર કરવા બાબત ઠરાવ કરવામાં આવેલ અને તે મુજબ સંઘમાં જરૂરિયાત મુજબના કર્મચારીઓ ફરજો બજાવે છે.સંસ્થાનું કામકાજ સરકારશ્રીના આદેશો અનુસાર ચાલે છે અને સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન સંસ્થા કરી શકતી નથી. તા.૩૦/૧/૨૦૦૬ ના પત્ર ક્રમાંક:વહટ/૦૧/ક.સ. કા. /૯૨/૦૬ થી મહે.રજીસ્ટ્રાર શ્રી, ગાંધીનગરના આવેલ પ્રસ્તાવના-આદેશ મુજબ સંઘનું નવીન સેટ-અપ નકકી કરવા અને તે અંગે કેડરવાઈઝ લાયકાતના ધોરણે નકકી કરવા અને બઢતી કે સીધી બઢતી ધ્વારા નિમણુંક અંગેના ધોરણો અને નિયમો તા.૩૧/૩/૨૦૦૬ ની મેનેજીંગ કમીટીના મીટીંગના ઠરાવ નં.૮ થી મંજુર કરવામાં આવેલ. અને તે મુજબ સંસ્થાના કર્મચારીઓનું સ્ટાફ સેટ-અપ નકકી થયેલ છે. તેમાં સુધારો વધારો કરવાનો કોઈ સત્તા સંસ્થાને નથી. આવો કોઈપણ વધારાનો સ્ટાફ સેટ-અપ રાખવામાં આવેલ હોય તો તે સરકારશ્રીના આદેશોનું ઉલ્લંઘન કરતો છે અને આવી કરવામાં આવેલી નિમણુંકો તે પ્રથમ થી જ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી છે. નામદાર એપેક્ષ કોર્ટ અને વિવિધ હાઈકોર્ટ ધ્વારા આપવામાં આવેલા ચુકાદા અને પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતો મુજબ સંસ્થાના નકકી કરવામાં આવેલા સ્ટાફ સેટ-અપ કરતાં જો વધારાની નિમણુંક થયેલ હોય તો આવી નિમણુંકો રદ થવાને પાત્ર છે. સને. ૨૦૧૦ થી સંઘના ચેરમેનશ્રી અને મેનેજરશ્રી ધ્વારા ભરતી

પ્રક્રિયા હાથ ધર્યા સિવાય ૯૩ જેટલા કર્મચારીઓની રોજમદાર/ હંગામી કર્મચારીઓ તરીકે સીધે સીધી જુદા જુદા હોદ્દા ઉપર જુદી જુદી જગ્યાએ ભરતી કરવામાં આવેલ છે. સદર નિમણુંકો તદ્દન ગેરકાયદેસરની અને સંસ્થાના નિયમો વિરુઘ્ધ યોગ્ય પ્રક્રિયા હાથ ધર્યા સિવાય કરવામાં આવેલ છે. જે પ્રથમ થી જ એબઈનીશીયો વોઈડ છે. સંસ્થાની કામગીરીમાં ઉત્તરો ઉત્તર ઘટાડો થયેલ છે. સંસ્થાના કાયમી કર્મચારીઓ પણ કામનું ભારણ ઓછુ હોવાથી આઈડલ વેજીસ મેળવી રહયા છે.

સંઘમાં સને.૨૦૧૦ બાદ ગેરકાયદેસર રોજમદાર/હંગામી નિમણુંક પામેલા કર્મચારીઓનું પગાર ચુકવણું કરતાં માસિક રૂા.૫,૮૪,૦૦૦/–અને વાર્ષિક રૂા. ૭૦,૦૦,૦૦૦/–જેટલો નાણાંકીય બોજો બિનજરુરી પડે છે. સંઘમાં સ્ટાફ સેટ–અપની કુલ ૧૨૭ જગ્યાઓ મંજુર થયેલ છે અને ૧૫૨ જેટલા કર્મચારીઓ ફરજો બજાવે છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે પસાર કરેલ હુકમો અનુસારના કર્મચારીઓનો પણ આ ૧૫૨ કર્મચારીઓમાં સમાવેશ થાય છે. અરજદારનો સ્ટાફ સેટ–અપ કે જે સરકારશ્રી ધ્વારા મંજુર કરવામાં આવેલ છે તે સેટ–અપ કરતાં વધારે હોય પ્રથમ પક્ષકાર ધ્વારા તેઓની છટણી કરવામાં આવેલ છે. અને આઈ.ડી. એકટની જોગવાઈ ઓ મુજબ તેઓને નોટિસ તથા છટણી હુકમ જે તે ઓથોરિટીને તથા બીજા પક્ષકારને મોકલી આપવામાં આવેલ છે. આમ ઉપરોકત હકીકત જોતાં બીજા પક્ષકારે તેઓને છુટા કરવાની જે તારીખ જણાવેલ છે તે તારીખે તેઓને સંસ્થાએ છુટા કરેલ નથી પરંતુ ઉપર જણાવ્યા મુજબ કાયદેસરની કાર્યવાહી કરી તેઓની છટણી કરવામાં આવેલ છે. અને તેઓને તેમના કાયદેસરના હકકો ચુકવી આપવામાં આવેલ હોય જેથી રેફરન્સ રદ કરવો જોઈએ.

(બી) પક્ષકારોની ઉપરોકત રજુઆત ઘ્યાને રાખી રેકર્ડ જોતાં બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારનો જવાબ રજુ થયા બાદ તેઓના માંગણા નિવેદનની વિગતોને સમર્થન આપતો કોઈ જ લેખિત કે મૌખિક

પુરાવો રજુ કરેલ નથી. બીજા પક્ષકારે તેઓને તા.૭/૧૧/૨૦૧૪ ના રોજથી પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલા તેવું પુરવાર કરવા માટે કોઈ જ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી કે હાજર રહી સોગંદ ઉપર કોઈ જુબાની આપેલ નથી. બીજા પક્ષકારે તેમના માંગણા નિવેદનમાં છુટા કરેલાની તા.૧૭/૧૧/૧૪ જણાવેલી છે તે જોતાં પણ બીજા પક્ષકાર તેઓને તા.૭/૧૧/૨૦૧૪ ના રોજથી પ્રથમ પક્ષકારે છુટા કરેલા હતા તેવુ પુરવાર કરી શકેલા નથી. સદર વિવાદ તા.૭/૧૧/૨૦૧૪ ના રોજ ગેરકાયદેસર છુટા કરવા બાબતે બીજા પક્ષકારે ઉપરોકત કરેલ ફરિયાદ આધારે ન્યાય નિર્ણય માટે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલો છે. જેથી તા.૭/૧૧/૨૦૧૪ ના રોજ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કરેલ કે કેમ? અને છુટા કરેલા હોય તો પ્રથમ પક્ષકારનું આ પગલું કાયદેસર અને વ્યાજબી છે કે કેમ? તેટલી બાબત નકકી કરવાની રહે છે. તા.૧૭/૧૧/૨૦૧૪ ના રોજ બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કરેલા કે કેમ ? તે બાબત આ રેફરન્સ કેસના ટર્મ્સ ઓફ રેફરનન્સની બહાર હોઈ આ કોર્ટ ન્યાય નિર્ણિત કરી શકે નહિ. તેથી આ કામે બીજા પક્ષકારે તેઓને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે તા. ૭/૧૧/૨૦૧૪ ના રોજથી છુટા કરેલ હતા તે હકીકત સાબિત કરેલ ન હોઈ બીજા પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત થવાની કે અન્ય કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી મુદા નંબર: ૧ અને ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**(૧૦)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ તેઓને પ્રથમ પક્ષકારે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલ છે તેવું સાબિત કરી શકેલા ન હોઈ રદ્દ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૦૯/૦૩/૨૦૧૮** **(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**હિંમતનગર** **જીજે૦૦૭૮૦**
**P.T.Prajapati** **પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર**